NAVSARI AGRICULTURAL UNIVERSITY

નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬૪૫૦

પ્રો. જયમિન આર. નાયક ૯૯૭૯૮૮૮૯૬૨
નિયામક Web: www.nau.in Email:dswnavsari@nau.in

# પરિપત્ર

સહર્ષ જણાવવાનું કે માન.કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ નવસારી કૃષિ યુનિવર્સિટીના વર્ગ – ૪ અને રોજમદાર કર્મચારીઓની કાર્યક્ષમતા અને ક્રિયાશીલતા વધે તે હેતુસર નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ, નેજા હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ માટે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન આગામી **તા.૦૮ થી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫** દરમ્યાન કરવામાં આવેલ છે. જેમાં નવસારી કૃષિ યુનિવર્સિટીઓના તમામ યુનિટ/સબયુનિટ (મહાવિદ્યાલયો તેમજ સંશોધન કેન્દ્રો)ના ફકત **વર્ગ – ૪ અને રોજમદાર કર્મચારીઓને (કુશળ, બિન કુશળ, અર્ધ કુશળ તેમજ ખેત મજુર)**ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

ભાગ લેનાર દરેક યુનિટ ટીમના સભ્યોની યાદી સ્પર્ધા દીઠ આ સાથે સામેલ સ્પર્ધા અલગ અલગ પત્રકો મુજબ ટીમની જરૂરી વિગતો ભરી યુનિટ હેડના સહી સિક્કા સાથેની હાર્ડ કોપી નીચે મુજબના સરનામે અથવા સોફટકોપી અત્રેની કચેરીના ઈમેલ આઈ.ડી. પર **તા.૪ ફેબ્રુઆરી, ૨૦૨૫** સુધીમાં સાંજે ૫.૦૦ કલાક પહેલા અચુક મોકલી આપવા વિનંતી છે. આપેલ સમય પછીના આવેલ ટીમોનો સદર ટુર્નામેન્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.

**સામેલ :** પત્રક ૧, ટુર્નામેન્ટના નિયમો તથા ટુર્નામેન્ટની રૂપરેખા

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**

જા.નં.નકૃયુ/નિવિક/ટે.૭/ ૨૨૬ /૨૦૨૫
તા.૧૭/૦૧/૨૦૨૫ (૧૯)

## પત્રક-૧

પ્રતિ,
નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

સહર્ષ જણાવવાનું કે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા આયોજીત વર્ગ – ૪ અને રોજમદાર (કુશળ, બીનકુશળ, અર્ધકુશળ, ખેતમજૂર) કર્મચારીઓ માટે ક્રિકેટટુર્નામેન્ટમાં અમારી ટીમને પ્રવેશ આપવા વિનંતી છે. અમારી ટીમના નીચેની વિગતે ખેલાડીઓ સ્પર્ધામાં હાજર રહેશે.

| | |
|---|---|
| **ટીમનું નામ :** | |
| **કેપ્ટનનું નામ :** | **મોબાઈલ નં.** |
| **વાઈસ કેપ્ટનનું નામ :** | **મોબાઈલ નં.** |

| ક્રમ | ખેલાડીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |
| ૧૨ | | |
| ૧૩ | | |
| ૧૪ | | |
| ૧૫ | | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ વર્ગ – ૪ અને રોજમદાર કર્મચારીઓ છે. ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો અમોને બંધનકર્તા રહેશે.

**કેપ્ટનની સહી** **યુનિટ અધિકારીની સહી અને સિક્કો**

| ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો | |
|---|---|
| ૧. | ટુર્નામેન્ટમાં ફક્ત વર્ગ – ૪ અને રોજમદાર (કુશળ, બીન કુશળ, અર્ધકુશળ તેમજ ખેત મજુર) કર્મચારીઓ જ ભાગ લઈ શકશે. |
| ૨. | ભાગ લેનાર દરેક યુનિટ ખેલાડીઓની આવવા-જવાની વ્યવસ્થા સ્વ-ખર્ચે કરવાનીરહેશે. |
| ૩. | દરેક ટીમમાં ૧૫ ખેલાડીઓ ભાગ લઈ શકશે. |
| ૪. | ટુર્નામેન્ટમાં રોજમદાર (કુશળ, બીન કુશળ, અર્ધકુશળ તેમજ ખેત મજુર) કર્મચારીઓના ઓછામા ઓછા 3 (ત્રણ) મહિના રોજમદાર તરીકે થયેલા હોવા જોઇએ. |
| ૫. | ટુર્નામેન્ટ નોકઆઉટ પધ્ધ્તી મુજબ રમાડવામાં આવશે. દરેક મેચો, ક્વાર્ટર ફાઈનલ, સેમીફાઈનલ તેમજ ફાઈનલ મેચો મર્યાદિત ૧૦ ઓવરની રહેશે.વધુ ટીમોની એન્ટ્રી આવે તો સમયની મર્યાદા અને સંજોગોને ધ્યાને રાખી મર્યાદિત ઓવરમાં ફેરફાર કરવાનો હક આયોજકશ્રીનો રહેશે. |
| ૬. | ટુર્નામેન્ટ માટે બોલ (નેવ્યા) આયોજક દ્વારા આપવામાં આવશે.બેટ તેમજ અન્ય સામગ્રી ટીમે જાતે લાવવાની રહેશે. |
| ૭. | તમામ મેચો ૧૦ ઓવરની હોય, મેચમાં બે બોલર વધુમાં વધુ ૩(ત્રણ) ઓવર નાંખી શકશે. |
| ૮. | મેચ ડ્રો અથવા ટાઈ થશે તો સુપર ઓવર રમાડવામાં આવશે તેમાં જે ટીમના રન વધુ હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે. ફક્ત સુપર ઓવરમાં વિકેટ પાડવાનો કોઈ નિયમ લાગુ પડશે નહીં.<br>• જો સુપર ઓવરમાં રન સરખા થશે,તો મેચ દરમ્યાન જે ટીમની વિકેટ ઓછી હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે.<br>• જો સુપર ઓવરના રન અને મેચ દરમ્યાનની વિકેટ સરખી હશે તો ટોસ ઉછાળીને વિજેતા નક્કી કરવામાં આવશે. |
| ૯. | થ્રો એકસન બોલીંગ માન્ય રહેશે નહી, મેચ દરમ્યાન આ અંગેના વિવાદમાં કે અન્ય કોઈ વિવાદમાં અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે જે દરેકને બંધનકર્તા રહેશે. |
| ૧૦. | મેચ દરમ્યાન નો-બોલ,વાઈડબોલ અને બાય/લેગ બાયના રન ગણવાના રહેશે,પરંતુ નો બોલમાં ફ્રી-હીટ આપવામાં આવશે નહી. |
| ૧૧. | મેચ દરમ્યાન એલ.બી.ડબલ્યુ.નો નિયમ રાખવામાં આવેલ નથી. |
| ૧૨. | દરેક ઈનિંગ માટે નવો બોલ ઉપયોગમાં લેવામાં આવશે, ચાલુ મેચ દરમ્યાન બોલ ફાટી જાય કે ખોવાઈ જાય તો તેના બદલે બીજો બોલ આપવામાં આવશે. |
| ૧૩. | દરેક ટીમને મેચ માટે આપવામાં આવેલ સીડ્યુલના ત્રીસ મિનીટ પહેલા મેદાન ઉપર હાજર રહેવાનુ રહેશે. દરેક મેચમાં રમનાર ૧૧+૧ ખેલાડીઓ સહિત ૧૨ ખેલાડીના નામની યાદી આપવાની રહેશે. |
| ૧૪. | મેચના સમયે ટીમ સ્થળ ઉપર હાજર રહેશે નહીં તો મેચના સમયથી ૧૫ મિનીટ બાદ ટીમને ગેરહાજર ગણી સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે. |
| ૧૫. | બેસ્ટમેન તથા વિકેટકીપર કોઈપણ પ્રકારના ગ્લોઝ (હાથમાં પહેરવાના મોજા) પહેરી શકશે નહી. |
| ૧૬. | સમય તેમજ સંજોગોવશાત તારીખ તેમજ મેચના સમયમાં ફેરફાર કરવાનો અધિકાર ફક્ત આયોજકશ્રીનો રહશે. જે દરેક ટીમે માન્ય રાખવાનો રહશે. |
| ૧૭. | **ટુર્નામેન્ટમાં એક ખેલાડી એકથી વધારે ટીમમાં નામ નોંધાવી શકશે નહી.** |
| ૧૮. | **ટુર્નામેન્ટ દરમ્યાન ભાગ લેનાર દરેક ટીમે એક સરખા ડ્રેસકોડ તેમજ સ્પોટ્ર્સશૂઝ (મેટલસ્પાઇક્સ શૂઝ પહેરી શકાશે નહી)પણ પહેરવાના રહેશે. જે ટીમે સ્વ-ખર્ચે ભોગવવાનો રહેશે.** |

# ટુર્નામેન્ટની રૂપરેખા

| ક્રમ | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ટુર્નામેન્ટ જાહેરાતની તારીખ | ૧૮/૦૧/૨૦૨૫ | - |
| ૨ | ટીમ અને ખેલાડીઓની યાદી મોકલવાની છેલ્લી તારીખ | ૦૪/૦૨/૨૦૨૫ | ૧૭.૦૦ કલાક સુધીમાં |
| ૩ | લોટસ પાડવાની તારીખ અને સમય | ૦૬/૦૨/૨૦૨૫ | ૧૧.૦૦ કલાકે<br>સ્થળ : નિયામક, વિદ્યાર્થી કલ્યાણની કચેરી<br>ન.કૃ.યુ., નવસારી |
| ૪ | ટુર્નામેન્ટનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ | ૦૮/૦૨/૨૦૨૫ | સવારના ૯.૩૦ કલાકે<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૫ | ટુર્નામેન્ટની નોક આઉટ અને રમાડવાની તારીખ | ૦૮/૦૨/૨૦૨૫ | સવારના ૯.૦૦ થી સાંજના ૫.૩૦ સુધી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૬ | ક્વાર્ટર મેચો અને ટુર્નામેન્ટની સેમી-ફાઈનલ રમાડવાની તારીખ | ૦૯/૦૨/૨૦૨૫ | સવારના ૯.૦૦ થી સાંજના ૫.૩૦ સુધી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૭ | ફાઈનલ મેચ રમાડવાની તારીખ | ૧૦/૦૨/૨૦૨૫ | સવારના ૯.૦૦ વાગ્યે<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૮ | ટુર્નામેન્ટનો ઈનામ વિતરણ કાર્યક્રમ | ૧૦/૦૨/૨૦૨૫ | ફાઈનલ મેચ પત્યા પછી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |

**નોંધ : ૧.અનાવશ્યક સંજોગોને આધીન સદર કાર્યક્રમના સમય અને તારીખમાં ફેરફાર આયોજકશ્રી કરી શકશે.**
**૨. લોટસ પાડવાની તારીખે દરેક ટીમના કેપ્ટનશ્રીઓએ હાજર રહેવા વિનંતી.**